# શાળાની ગોપનીયતા નીતિ (SCHOOLS' PRIVACY POLICY)

શિક્ષણ અને તાલીમ વિભાગ (ખાતું) (Department of Education and Training - the Department) તમારી ગોપનીયતાને મહત્વ આપે છે અને શાળાઓએ એકત્રિત કરેલ માહિતીનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

કોન્ટ્રાક્ટરો, સેવા પ્રદાતાઓ અને ખાતાના સ્વયંસેવકો અને વિક્ટોરિયાની સરકારની બધી જ શાળાઓ (**શાળાઓ**) સહિતના તમામ કર્મચારીઓએ વિક્ટોરિયાના ગોપનીયતા કાયદા અને આ નીતિનું પાલન કરવું આવશ્યક છે.

વિક્ટોરિયાની સરકારી શાળાઓમાં, 'અંગત માહિતી' અને 'આરોગ્ય વિષયક માહિતી'નું સંચાલન ***ગોપનીયતા અને માહિતી સંરક્ષણ અધિનિયમ ૨૦૦૪*** *(વિઆઇસી)* (*Privacy and Data Protection Act 2014*- Vic) અને ***આરોગ્ય નોંધવહી અધિનિયમ ૨૦૦૧*** *(વિઆઇસી)* (*Health Records Act 2001* - Vic) (સામૂહિક રીતે વિકટોરિયાનો ગોપનીયતા કાયદો કહેવાતા) **Victorian privacy law** દ્વારા સંચાલિત થાય છે. આ ઉપરાંત, ખાતું અને વિક્ટોરિયાની સરકારી શાળાઓએ *વિક્ટોરિયાના માહિતીની આપ-લે અધિનિયમ ૨૦૧૭* (*Victorian Data Sharing Act 2017*)નું પાલન કરવું આવશ્યક છે.

આ નીતિ સમજાવે છે કે, વિક્ટોરિયાની સરકારી શાળાઓ કેવી રીતે અંગત અને આરોગ્ય વિષયક માહિતી એકત્રિત કરે છે અને સંચાલિત કરે છે, જે વિક્ટોરિયાના ગોપનીયતા કાયદા (Victorian privacy law) અને અન્ય સંબંધિત કાયદા સાથે સુસંગત છે.

## વ્યાખ્યાઓ

**અંગત માહિતી** એ વ્યક્તિ વિષેની નોંધવામાં આવેલ એવી માહિતી અથવા અભિપ્રાય છે, કે જે સાચી હોય કે ન હોય, પરંતુ તેનાથી તે વ્યક્તિની ઓળખ સ્પષ્ટ છે અથવા માહિતીમાંથી વાજબી રીતે જાણી શકાય છે. માહિતી અથવા અભિપ્રાય કોઇપણ સ્વરૂપે નોંધી શકાય છે. વ્યક્તિનું નામ, સરનામું, ફોન નંબર અને જન્મ તારીખ (ઉંમર) એ બધા અંગત માહિતીના ઉદાહરણો છે.

**સંવેદનશીલ માહિતી** એ ભેદભાવના જોખમને કારણે મજબૂત કાનૂની રક્ષણો સાથેની અંગત માહિતીનો એક પ્રકાર છે. તેમાં ઓળખી શકાય તેવી વ્યક્તિના કૂળ અથવા વંશીય મૂળ, રાજકીય અભિપ્રાયો અથવા જોડાણો, ધાર્મિક માન્યતાઓ અથવા જોડાણો, દાર્શનિક માન્યતાઓ, જાતીય અભિગમ અથવા પ્રથાઓ, ગુનાહિત નોંધો અથવા વ્યવસાયને લગતાં યુનિયનના સભ્યપદ વિશેની માહિતી અથવા અભિપ્રાયનો સમાવેશ થાય છે.

અંગત અને સંવેદનશીલ માહિતીનું નિયમન વિકટોરિયામાં (*Privacy and Data Protection Act 2014* - Vic) હેઠળ કરવામાં આવે છે.

**આરોગ્ય વિષયક માહિતી** એ ઓળખી શકાય તેવી વ્યક્તિના શારીરિક, માનસિક અથવા માનસિક સ્વાસ્થ્ય, અથવા વિકલાંગતા વિશેની માહિતી અથવા અભિપ્રાય છે. આરોગ્ય વિષયક માહિતી એ એક પ્રકારની અંગત માહિતી છે, જે તેની સંવેદનશીલતાને કારણે, અલગ અને મજબૂત કાનૂની રક્ષણો ધરાવે છે.

વિક્ટોરિયામાં આરોગ્ય વિષયક માહિતીનું નિયમન (*Health Records Act 2001* - Vic) હેઠળ કરવામાં આવે છે.

*નોંધ:* વ્યક્તિઓ વિશેની ઓળખ સ્થાપિત ન થાય તેવી માહિતી, જો તેને ફરીથી ઓળખ સ્થાપિત થાય તેમ ફેરવવામાં આવે અથવા તેની ઓળખ સ્થાપિત થવાનું જોખમ વધુ હોય તો તે અંગત માહિતી બની શકે છે, ઉદાહરણ તરીકે, જો તે જાહેર કરવામાં આવે અથવા તે એક નાના કદનો નમૂનો હોય.

## અમે કઇ માહિતી એકત્રિત કરીએ છીએ?

શાળાઓ નીચેના પ્રકારની માહિતી એકત્રિત કરે છે.

- વિદ્યાર્થીઓ, તેમના પરિવારો અને અન્ય લોકો દ્વારા પૂરી પાડવામાં આવતી વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો વિશેની માહિતી – ઉદાહરણ તરીકે, સંપર્ક અને દાખલાની વિગતો, આરોગ્ય વિષયક માહિતી, અને વાલીપણું અને જવાબદારીની વ્યવસ્થાઓ.
- નોકરીના અરજદારો, કર્મચારીગણ, સ્વયંસેવકો અને મુલાકાતીઓ અને અન્યો દ્વારા પૂરી પાડવામાં આવેલી નોકરીના અરજદારો, કર્મચારીઓ, સ્વયંસેવકો અને મુલાકાતીઓ વિશેની માહિતી – ઉદાહરણ તરીકે લાયકાતો, વર્કિંગ વીથ ચિલ્ડ્રન્સ ચેક (working with childrens check), શિક્ષક નોંધણી અને બેંકની વિગતો.

- વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને પરિવારોની પ્રવૃત્તિઓ વિશેની માહિતી, જો તેઓ શાળાનાં પ્રાંગણમાં હોય (ઉદાહરણ તરીકે CCTV દ્વારા કેદ થયેલ તસ્વીરો) અથવા શાળા કે ખાતાની પ્રણાલીઓનો ઉપયોગ કરી રહ્યા હોય (જેમ કે શાળાના નેટવર્ક અથવા શાળા દ્વારા હસ્તગત સોફ્ટવેરનો ઉપયોગ).

## અમે આ માહિતી કેવી રીતે એકત્રિત કરીએ છીએ?

શાળાઓ ઘણી રીતે માહિતી એકત્રિત કરે છે, જેમાં સામેલ છે:

- રૂબરૂ અને ફોન પર: વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો, કર્મચારીઓ, સ્વયંસેવકો, મુલાકાતીઓ, નોકરીના અરજદારો અને અન્ય લોકો પાસેથી
- ઇલેક્ટ્રોનિક અને કાગળ પર દસ્તાવેજીકરણમાંથી: જેમ કે નોકરીની અરજીઓ, ઇમેઇલ્સ, ભરતિયાં, પત્રો અને ફોર્મ્સ (જેવા કે, દાખલાના, પ્રવાસ, તબીબી, નિષ્ણાત અથવા સંમતિ પત્રક ફોર્મ)
- શાળાની વેબસાઇટો અને શાળા નિયંત્રિત સોશિયલ મીડિયા દ્વારા
- ઓનલાઇન સાધનો દ્વારા: જેમકે એપ્સ અને શાળાઓ દ્વારા ઉપયોગમાં લેવાતાં અન્ય સોફ્ટવેર
- શાળાઓમાં સ્થિત કોઇપણ CCTV કેમેરા દ્વારા
- ફોટોગ્રાફ્સ, ફિલ્મ અને અન્ય રેકોર્ડિંગ્સ દ્વારા
- મતદાન, સર્વેક્ષણો અને પ્રશ્નાવલીઓ દ્વારા
- અને કેટલાક કિસ્સાઓમાં, અન્ય સેવાઓ સાથે અધિકૃત માહિતી વહેંચણી વ્યવસ્થાઓ મારફતે.

### સંગ્રહ નોટિસો

શાળાઓ પરિવારોને, નીચેના હેતુસર દાખલાના સમયે અને વાર્ષિક ધોરણે ગોપનીયતા સંગ્રહ નોટિસ (privacy collection notice ) (કે જેને સંગ્રહ નિવેદન (collection statement) અથવા ગોપનીયતા નોટિસ (privacy notice)તરીકે પણ ઓળખાય છે) પ્રદાન કરે છે:

- પરિવારો અને વિદ્યાર્થીઓ વિશે માહિતી એકત્રિત કરવાનું કારણ
- કેવી રીતે માહિતીનો ઉપયોગ થાય છે અને તે જાહેર થાય છે.
- માહિતી કેવી રીતે જોવી, તેને અદ્યતન કરવી અને સુધારવી.

શાળાઓ વર્ષ દરમ્યાન એ હેતુસર સંગ્રહ નિવેદન પણ મોકલી શકે છે, ઉદાહરણ તરીકે જો તેઓ નવી તકનીકો અથવા પ્રક્રિયાઓ અપનાવી રહ્યા હોય.

### સંમતિ પ્રક્રિયાઓ

સંમતિ એટલે કે, જ્યારે કોઇ સ્વેચ્છાએ તેમની માહિતી એકત્રિત કરવા, ઉપયોગમાં લેવા અને/અથવા શાળા અથવા ખાતાની અંદર અથવા બહાર વહેંચવા માટે સંમત થાય છે.

સંમતિ, જ્યારે જરૂરી હોય ત્યારે, જુદી જુદી રીતે માંગવામાં આવે છે અને સંજોગોના આધારે મૌખિક, ઓનલાઇન, અથવા લેખિતમાં હોય શકે છે. એવી ઘણી સંમતિ પ્રક્રિયાઓ છે જે શાળાના વર્ષ દરમ્યાન લાગુ પડી શકે છે.

કેટલીક સંમતિઓ વાર્ષિક હોય છે, ઉદાહરણ તરીકે વાર્ષિક ફોટોગ્રાફી સંમતિ પ્રક્રિયા, જ્યારે કેટલીક ચોક્કસ હેતુ માટે હશે જેમ કે શાળાના કાર્યક્રમ માટે માહિતી એકત્રિત કરવી અથવા નવી સોફ્ટવેર એપ્લિકેશનનો ઉપયોગ કરવો.

જ્યારે વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ માટે સંમતિ માંગવામાં આવતી હોય ત્યારે શાળાઓ વિદ્યાર્થીઓના ફોટોગ્રાફિંગ, ફિલ્માંકન અને રેકોર્ડિંગ નીતિ (Photographing, Filming and Recording Students Policy) લાગુ કરે છે.

શાળાઓમાં હાથ ધરવામાં આવતી આરોગ્ય સેવાઓ ચોક્કસ સંમતિ ફોર્મનો ઉપયોગ કરે છે, જેમાં આરોગ્ય વિષયક માહિતીના ઉપયોગ અને જાહેર કરવામાં માટે સંમતિનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, શાળાઓ વિદ્યાર્થીઓ માટે આ સેવાઓનો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થી સહાય સેવાઓના સંમતિ પત્રક (Student Support Services consent form)નો ઉપયોગ કરે છે.

### લોકો વિશે વણમાંગેલી માહિતી

શાળાઓને તમારા વિશે માહિતી મળી શકે છે, કે જે એકત્રિત કરવા માટે કોઇ સક્રિય પગલાં લીધા નથી. જો કાયદા દ્વારા પરવાનગી આપવામાં આવે અથવા તે અંતર્ગત જરૂરી હોય તો, શાળાઓ આ માહિતીની નોંધ રાખી શકે છે. જો તેવું ના હોય તો, જ્યારે શક્ય હોય, કાયદેસર અને વાજબી હોય ત્યારે તેઓ તે માહિતીનો નાશ કરશે અથવા તેને ઓળખ સ્થાપિત ન કરાય તેવા સ્વરૂપમાં ફેરવશે.

## અમે આ માહિતી શા માટે એકત્રિત કરીએ છીએ?

### વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો વિશે માહિતી એકત્રિત કરવાના પ્રાથમિક હેતુઓ

શાળાઓ નીચેના કારણોસર જ્યારે જરૂરી હોય ત્યારે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો વિશે માહિતી એકત્રિત કરે છે:

- વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા
- વિદ્યાર્થીઓની સામાજિક અને ભાવનાત્મક સુખાકારી અને સ્વાસ્થ્યને ટેકો આપવા
- કાયદા અંતર્ગત આવશ્યક્તાઓને પૂર્ણ કરવા, જેમાં સામેલ છે:
  - વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે, ભવિષ્યમાં વાજબી રીતે શક્ય જોખમને ઘટાડવા માટે વાજબી પગલાં લેવા (સંભાળની ફરજ)
  - વિકલાંગ વિદ્યાર્થીઓ માટે વાજબી સુધારા કરવા (ભેદભાવ વિરોધી કાયદો)
  - જ્યાં સુધી વ્યાજબી રીતે વ્યવહારુ છે ત્યાં સુધી શાળાના કાર્યસ્થળોમાં લોકોના સ્વાસ્થ્ય અને સલામતીની ખાતરી કરવા (વ્યવસાયિક આરોગ્ય અને સલામતી કાયદો)
- શાળાઓને નીચેના માટે સક્ષમ કરવા:
  - વિદ્યાર્થીઓની શાળાકીય બાબતો વિશે માતાપિતા સાથે વાતચીત કરવા અને વિદ્યાર્થીઓના પ્રયત્નો અને સિદ્ધિઓની ઉજવણી કરવા
  - શાળાઓમાં સારો યથાક્રમ અને વ્યવસ્થાપન જાળવવા
- ખાતાને નીચેના માટે સક્ષમ કરવા:
  - શાળાઓના અસરકારક વ્યવસ્થાપન, સંસાધનો અને વહીવટ સુનિશ્ચિત કરવા
  - વૈધાનિક કાર્યો અને ફરજો પૂર્ણ કરવા
  - ખાતાની નીતિઓ, સેવાઓ અને કાર્યોનું આયોજન, ભંડોળ, દેખરેખ, નિયમન અને મૂલ્યાંકન કરવા
  - અહેવાલ આપવાની આવશ્યક્તાઓનું પાલન કરવા
  - શાળાઓમાં બનેલી ઘટનાઓની તપાસ કરવા અને/અથવા તેની કોઇ પણ શાળાઓ સહિત ખાતા સામેના કોઇપણ કાનૂની દાવાઓનો જવાબ આપવા.

### અન્યો વિશે માહિતી એકત્રિત કરવાના પ્રાથમિક હેતુઓ

શાળાઓ કર્મચારીઓ, સ્વયંસેવકો અને નોકરીના અરજદારો વિશે માહિતી એકત્રિત કરે છે:

- રોજગાર અથવા સ્વયંસેવક તરીકે ફરજ બજાવવા અરજદારોની યોગ્યતાનું મૂલ્યાંકન કરવા
- રોજગાર અથવા સ્વયંસેવક તરીકે નિયુક્તિનો વહીવટ કરવા
- જાહેર જવાબદારી અને WorkCover સહિત વીમા હેતુઓ માટે
- રોજગાર અને કરારની જવાબદારીઓ, વ્યવસાયિક આરોગ્ય અને સલામતી કાયદા સહિત વિવિધ કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરવા અને ઘટનાઓની તપાસ કરવા
- શાળાઓ અથવા ખાતા સામેના કાનૂની દાવાઓનો જવાબ આપવા માટે.

## અમે ક્યારે માહિતીનો ઉપયોગ કરીએ છીએ અથવા તે જાહેર કરીએ છીએ?

માહિતીનો ઉપયોગ અને/અથવા તે જાહેર કરવી એ, ચોક્કસ હેતુ માટે તેનો ઉપયોગ કેવી રીતે થાય છે, અને તે અન્ય વ્યક્તિઓ અથવા સંસ્થાઓને કેવી રીતે વહેંચવામાં આવે છે અને/અથવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો સંદર્ભ આપે છે.

શાળાઓ વિક્ટોરિયાના ગોપનીયતા કાયદા અને અન્ય સંબંધિત કાયદા સાથે સુસંગત માહિતીનો ઉપયોગ કરે છે અથવા જાહેર કરે છે, જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે:

- **પ્રાથમિક હેતુ** માટે – ઉપર વ્યાખ્યાયિત થયા મુજબ
- સંબંધિત **ગૌણ હેતુ** માટે જેની વાજબી અપેક્ષા રાખી શકાય – ઉદાહરણ તરીકે, શાળા પરિષદને તેના ઉદ્દેશો, કાર્યો અને સત્તાઓને પૂર્ણ કરવા સક્ષમ બનાવવા
- **નોટિસ અને/અથવા સંમતિ** સાથે – ઉદાહરણ તરીકે, દાખલાની વિગતોના ઉપયોગ અને ખુલાસા માટે પૂરી પાડવામાં આવેલી સંમતિ (એકત્રિત કરેલી માહિતી સંમતિ વિના ખાતાની બહાર જાહેર કરવામાં આવશે નહિં, સિવાય કે આ પ્રકારનો ખુલાસો કાયદેસર હોય)
- જ્યારે ખાતું વાજબી રીતે માને કે નીચે પ્રમાણેનાં **ગંભીર જોખમને ઓછું કરવા અથવા અટકાવવું જરૂરી** છે:
  - વ્યક્તિના જીવન, આરોગ્ય, સલામતી અથવા કલ્યાણ
  - જનતાના સ્વાસ્થ્ય, સલામતી અથવા કલ્યાણ
- જ્યારે **કાયદા દ્વારા આવશ્યક અથવા અધિકૃત હોય** – જેમાં આપણા ભેદભાવ વિરોધી કાયદા, વ્યાવસાયિક આરોગ્ય અને સલામતી કાયદા, બાળ સુખાકારી અને સલામતી કાયદા, પારિવારિક હિંસા કાયદાના પરિણામ સ્વરૂપ અથવા આરોગ્ય ખાતા અને પરિવારો, નિષ્પક્ષતા અને આવાસ ખાતા જેવી સંસ્થાઓને જવાબદારીઓની જાણ કરવા અને ટ્રિબ્યુનલ અથવા કોર્ટના આદેશ, અદાલતમાં હાજર રહેવાનો આદેશ, સમન્સ અથવા સર્ચ વોરંટનું પાલન કરવા અને કેટલાક સંજોગોમાં સંભાળની અમારી ફરજો પૂરી કરવાનો સમાવેશ થાય છે.
- જ્યારે બાળ અને કુટુંબ હિંસા માહિતી વહેંચણી યોજનાઓ (**Child and Family Violence Information Sharing Schemes**) હેઠળ જરૂરી હોય, ત્યારે અન્ય વિક્ટોરિયાની શાળાઓ અને વિક્ટોરિયાની સેવાઓ સાથે બાળકોની સુખાકારી અથવા સલામતીને પ્રોત્સાહન આપવા, અથવા પારિવારિક હિંસાના જોખમનું મૂલ્યાંકન અથવા સંચાલન કરવા માટે.
- શંકાસ્પદ **ગેરકાયદે પ્રવૃત્તિની** તપાસ અથવા જાણ કરવા, અથવા જ્યારે કાયદા અમલીકરણ સંસ્થા દ્વારા અથવા તેના વતી ફોજદારી ગુના અથવા ગંભીર રીતે **અયોગ્ય વર્તનના** નિવારણ અથવા તપાસ સહિત ચોક્કસ કાયદા અમલીકરણ હેતુ માટે વાજબી રીતે જરૂરી હોય ત્યારે
- ઓળખ સ્થાપિત ન થાય તેવી માહિતી તરીકે, **સંશોધન અથવા શાળાના આંકડાના** હેતુઓ માટે, અથવા વિભાગીય નીતિ અને વ્યૂહરચનાની જાણ કરવા માટે
- **કાનૂની દાવાને** સ્થાપિત કરવા અથવા તેનો જવાબ આપવા.

## અનન્ય ઓળખકર્તાઓ

ખાતું તેની વિદ્યાર્થી નોંધ પ્રણાલીમાં, વિક્ટોરિયાની સરકારી શાળાના દરેક વિદ્યાર્થીને એક અનન્ય ઓળખકર્તા સોંપે છે, જેથી શાળાઓ તેમના કાર્યો અસરકારક રીતે કરી શકે. વધુમાં, ખાતું વિક્ટોરિયાના અભ્યાસક્રમ અને મૂલ્યાંકન સત્તામંડળ (વિસીએએ) (Victorian Curriculum and Assessment Authority - VCAA) દ્વારા, જ્યારે તેઓ વિક્ટોરિયાની સરકારી શાળા, સ્વતંત્ર અથવા કેથોલિક શાળામાં પ્રવેશ મેળવે ત્યારે દરેક વિદ્યાર્થીને આપવામાં આવેલ એક અનન્ય વિક્ટોરિયાના વિદ્યાર્થી ક્રમ (વિસીએન) (Victorian Student Number - VSN)નો ઉપયોગ કરે છે. VSNનો ઉપયોગ નિયંત્રિત છે અને તેનો ઉપયોગ ફક્ત કાયદા દ્વારા નિર્ધારિત રીતે જ કરી શકાય છે.

ખાતું આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને એક અનન્ય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ઓળખકર્તા નંબર પણ આપે છે.

અન્ય અનન્ય ઓળખકર્તાઓ શાળાઓ દ્વારા લાગુ કરી શકાય છે.

વ્યાવસાયિક અથવા યુનિવર્સિટી શિક્ષણ હાથ ધરતાં વિદ્યાર્થીઓ કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલ અને સંચાલિત અનન્ય ઓળખકર્તા, યુનિક સ્ટુડન્ટ આઇડેન્ટિફાયર (યુએસઆઇ) (Unique Student Identifier - USI) માટે પણ નોંધણી કરાવી શકે છે. USIનો ઉપયોગ વિદ્યાર્થીની ઓસ્ટ્રેલિયમાં થયેલ માન્યતા પ્રાપ્ત તાલીમ અને લાયકાતની ઓનલાઇન નોંધ કરવા માટે થાય છે. વિદ્યાર્થીઓ તેમની

લાયકાત અથવા સંપાદનનું નિવેદન મેળવે તે પહેલાં તેમની પાસે USI હોવું જરૂરી છે.

## વિદ્યાર્થીઓની બદલી

### વિક્ટોરિયાની સરકારી શાળાઓ વચ્ચે

જ્યારે કોઇ વિદ્યાર્થીને વિક્ટોરિયાની સરકારી શાળામાં સ્વીકારવામાં આવે અને તેની બદલી થઇ રહી હોય, ત્યારે હાલની શાળા વિદ્યાર્થી વિશેની માહિતી તે શાળામાં સ્થાનાંતરિત કરે છે. તેમાં વિદ્યાર્થીની શાળાકીય માહિતીની નકલો સામેલ હોય શકે છે, જેમાં આરોગ્યની કોઇ પણ માહિતીનો સમાવેશ થાય છે. આ માટે માતાપિતાની સંમતિની જરૂર નથી.

આ નવી શાળાને વિદ્યાર્થીના શિક્ષણની જોગવાઇ કરવાનું ચાલુ રાખવા, વિદ્યાર્થીની સામાજિક અને ભાવનાત્મક સુખાકારી અને આરોગ્યને ટેકો આપવા અને કાનૂની આવશ્યક્તાઓને પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

### કેથોલિક શાળાઓ સહિત વિક્ટોરિયાની બિન-સરકારી શાળાઓમાં અને ત્યાંથી

જ્યારે કોઇ વિદ્યાર્થીને વિક્ટોરિયાની બિન-સરકારી શાળામાં અથવા ત્યાંથી બદલી કરવામાં આવે છે, ત્યારે હાલની શાળા માતાપિતાની સંમતિથી વિદ્યાર્થીની માહિતી પ્રણાલીમાંથી નવી શાળામાં બદલી નોંધ પ્રદાન કરે છે.

વધુમાં, હાલની શાળા વિદ્યાર્થીની સુખાકારી અથવા સલામતીને પ્રોત્સાહન આપવા અથવા માહિતી વહેંચણી યોજના (Information Sharing Schemes)ઓને અનુસરીને પારિવારિક હિંસાના જોખમનું મૂલ્યાંકન અથવા સંચાલન કરવા માટે નવી શાળા સાથે માહિતી વહેંચી શકે છે.

### આંતરરાજ્ય શાળાઓમાં અને ત્યાંથી

જ્યારે કોઇ વિદ્યાર્થીને વિક્ટોરિયાની બહારની શાળામાં અથવા ત્યાંથી બદલી કરવામાં આવે છે, ત્યારે તેમની હાલની શાળા માતાપિતાની સંમતિથી નવી શાળાને બદલી નોંધ પ્રદાન કરે છે.

શાળાઓ વચ્ચે માહિતીની આપલે અંગે વધુ સૂચનો અહિંથી મળી શકે છે:

https://www2.education.vic.gov.au/pal/enrolment/guidance/student-transfers-between-schools.

## NAPLAN પરિણામો

NAPLAN એ વર્ષ 3, 5, 7 અને 9ના વિદ્યાર્થીઓ માટે વાંચન, લેખન, ભાષા અને આંકડાનું રાષ્ટ્રીય મૂલ્યાંકન છે.

શાળાઓ તેમની શાળામાં ભણેલા વિદ્યાર્થીઓના પરિણામોનું વિશ્લેષણ કરીને તેમના શૈક્ષણિક કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવા માટે NAPLAN માહિતીનો ઉપયોગ કરે છે.

વિક્ટોરિયાની સરકારી શાળાઓ વિદ્યાર્થી નોંધ પ્રણાલીમાંથી વિદ્યાર્થી NAPLAN પરિણામોનો ઉપયોગ કરી શકે છે. જ્યારે કોઇ વિદ્યાર્થી સ્વતંત્ર, કેથોલિક અથવા આંતરરાજ્ય શાળામાં સ્થાનાંતરિત થાય છે, ત્યારે જે શાળામાં મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હતું, તે શાળા નવી શાળાને વિદ્યાર્થીના NAPLAN પરિણામો માતાપિતાની સંમતિથી પ્રદાન કરી શકે છે.

## ફરિયાદોનો જવાબ આપવો

પ્રસંગોપાત, વિક્ટોરિયાની સરકારી શાળાઓ અને ખાતાની કેન્દ્રીય અને પ્રાદેશિક કચેરીઓ માતાપિતા અને અન્ય લોકો પાસેથી ફરિયાદો મેળવે છે. શાળાઓ અને/અથવા ખાતાની કેન્દ્રીય અથવા પ્રાદેશિક કચેરીઓ આ ફરિયાદોનો જવાબ આપવા માટે યોગ્ય માનવામાં આવતી માહિતીનો ઉપયોગ કરશે અને જાહેર કરશે (જેમાં બાહ્ય સંસ્થાઓ અથવા એજન્સીઓને કરવામાં આવેલી ફરિયાદોનો જવાબ આપવાનો પણ સમાવેશ થાય છે). પ્રક્રિયા વિશે વધુ માહિતી ફરિયાદો – માતાપિતાની નીતિ (Complaints – Parents policy)માં મળી શકે છે

(https://www2.education.vic.gov.au/pal/complaints/policy).

ખાતાના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કાર્યક્રમ (International Student Program)ને લગતી ફરિયાદોનું સંચાલન ISP ફરિયાદો અને અપીલ નીતિ (Complaints and Appeals Policy) અનુસાર કરવામાં આવે છે

(https://www.study.vic.gov.au/Shared%20Documents/en/School_Toolkit/ISP_Complaints_and_Appeals_Process_Guide.docx).

ખાતા અથવા શાળાની અંગત માહિતીના સંચાલન વિશેની ચોક્કસ ફરિયાદો, ગોપનીયતાની ફરિયાદોની પ્રક્રિયા અનુસાર સંચાલિત થાય છે.

(https://www.education.vic.gov.au/about/contact/Pages/privacycomplaints.aspx).

## માહિતીની ભાળ મેળવવી

તમામ વ્યક્તિઓ અથવા તેમના અધિકૃત પ્રતિનિધિઓને શાળા તેમના વિશે જે માહિતી ધરાવે છે, તે જાણવાનો, તેને અદ્યતન કરવાનો અને સુધારવાનો અધિકાર છે, જો તે માહિતી અથવા નોંધોની ભાળ મેળવવાથી બાળક અથવા બાળકોની સલામતી માટે જોખમ વધતું ન હોય તો.

## વિદ્યાર્થીઓની માહિતીની ભાળ મેળવવી

શાળાઓ ફક્ત વિદ્યાર્થીઓ, માતાપિતા, સંભાળકર્તાઓ અથવા અન્ય લોકો કે જેમને તે માહિતીનો કાનૂની અધિકાર છે તેમને જ શાળાના અહેવાલો અને સામાન્ય શાળા સંદેશાવ્યવહાર પ્રદાન કરે છે. અન્ય વિદ્યાર્થીઓની માહિતી અથવા અન્ય દ્વારા મેળવવા માટેની વિનંતી ખાતાના Freedom of Information એકમ મારફતે માહિતીની સ્વતંત્રતા (એફઓઆઇ) (Freedom of Information - FOI) અરજી કરીને કરવી આવશ્યક છે.

કેટલાક સંજોગોમાં, અધિકૃત પ્રતિનિધિ વિદ્યાર્થી વિશે માહિતી મેળવવા માટે હકદાર ન હોય શકે. આ સંજોગોમાં એનો સમાવેશ થાય છે કે, જ્યારે માહિતી આપવી એ વિદ્યાર્થીના શ્રેષ્ઠ હિતમાં ન હોય અથવા વિદ્યાર્થી પ્રત્યેની અમારી સંભાળની ફરજનો ભંગ થાય તેમ હોય, પરિપક્વ સગીર વિદ્યાર્થીની ઇચ્છાથી વિપરીત હોય અથવા અન્ય વ્યક્તિની ગોપનીયતા પર અયોગ્ય અસર થાય તેમ હોય.

વધુમાં Child and Family Violence Information Sharing Schemes સૂચવેલી સંસ્થાઓને બાળકોની સુખાકારી અથવા સલામતીને પ્રોત્સાહન આપવા અથવા પારિવારિક હિંસાના જોખમનું મૂલ્યાંકન અથવા સંચાલન કરવા માટે એકબીજા સાથે ગુપ્ત માહિતીની વહેંચણી કરવાની મંજૂરી આપે છે. વિક્ટોરિયાની શાળાઓ અને અન્ય શ્રેણીબદ્ધ વિક્ટોરિયાની સેવાઓ આ યોજનાઓ હેઠળ આવે છે. વધુ માહિતી માટે, જુઓ: માહિતી વહેંચણી અને એમએઆરએએમ સુધારાઓ (Information sharing and MARAM reforms)

(https://www.vic.gov.au/information-sharing-schemes-and-the-maram-framework).

## કર્મચારીઓની માહિતીની ભાળ

શાળાના કર્મચારીઓ પહેલા આચાર્યનો સંપર્ક કરીને કર્મચારીઓની તેમની ફાઇલ જોવા માંગી શકે છે.

કર્મચારી આરોગ્ય માહિતી મેળવવા પર માર્ગદર્શન ઉપલબ્ધ છે: આરોગ્ય વિષયક માહિતી મેળવો - કર્મચારીઓ (Access to health information – Employees)

(https://www2.education.vic.gov.au/pal/access-health-information/overview).

જો સીધી મંજૂરી ન આપવામાં આવે તો, કર્મચારીગણ Department's Freedom of Information એકમ દ્વારા માહિતી મેળવવા વિનંતી કરી શકે છે. વધુ માહિતી માટે, Freedom of information વિનંતીઓ જુઓ.

(https://www.education.vic.gov.au/about/working/Pages/foi.aspx)

## માહિતી સંગ્રહ અને સુરક્ષા

વિક્ટોરિયાની સરકારી શાળાઓ માહિતીને દુરૂપયોગ અને નુક્સાનથી બચાવવા અને અનધિકૃત ઉપયોગ, સુધારા અને ખુલાસાથી બચાવવા માટે વાજબી પગલાં લે છે. તેઓ તમામ કાગળ અને ઇલેક્ટ્રોલિક્સ નોંધો સુરક્ષિત રીતે સંગ્રહ કરે છે, જે ખાતાની નોંધ વ્યવસ્થાપન નીતિ અને માહિતી સુરક્ષા ધોરણો સાથે સુસંગત છે. સંબંધિત Public Record Office Victoria નોંધો રાખવા અને નિકાલ સત્તાધિકારી (Retention and Disposal Authorities) દ્વારા આવશ્યક રીતે, શાળાની તમામ જરૂરી નોંધોનો ઔપચારિક રીતે નિકાલ કરવામાં આવે છે અથવા રાજ્ય દફતરભંડાર (જાહેર નોંધો કચેરી વિક્ટોરિયા) (State Archives - Public Record Office Victoria)માં સ્થાનાંતરિત કરવામાં આવે છે. વધુ માહિતી માટે, શાળાઓ માટે નોંધોની વ્યવસ્થાપન નીતિ (Records Management policy for schools) જુઓ.

વિક્ટોરિયાની સરકારી શાળાઓને ગોપનીયતા અને માહિતીની સંભાળ લેવા બાબતના જોખમ માટે અને સોફ્ટવેરનું અને કરારિત સેવા પ્રદાતાઓનું મૂલ્યાંકન કરવામાં મદદ કરવા માટે સાધનો અને માહિતી પૂરી પાડવામાં આવે છે. ગોપનીયતા અસર મૂલ્યાંકન (પીઆઇએઝ) (Privacy Impact Assessments (PIAs)) શાળાઓને, શાળામાં ઉપયોગમાં લેવાતા અંગત, સંવેદનશીલ અથવા આરોગ્ય માહિતી સંભાળતા ત્રાહિત પક્ષના સોફ્ટવેરનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે. PIAsનું સંચાલન શાળાઓને ગોપનીયતા અને સુરક્ષા જોખમોને ઓળખવામાં, વિક્ટોરિયાના ગોપનીયતા કાયદાઓના પાલનનું મૂલ્યાંકન કરવામાં અને કોઇપણ જાણમાં આવેલા જોખમોનું સંચાલન કરવા માટે જરૂરી દસ્તાવેજક્રિયાઓનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે.

યુરોપિયન યુનિયન (ઇયુ) (European Union's (EU's))નું જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (જીડીપીઆર) (General Data Protection Regulation - GDPR) EUના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને લાગુ પડે છે. પ્રશ્નો માટે, સંપર્ક કરો international@education.vic.gov.au

## તમારી માહિતી અદ્યતન કરવા

વિદ્યાર્થીઓ, પરિવારો અને કર્મચારીઓ વિશે અમારી પાસે જે માહિતી છે તે સચોટ, સંપૂર્ણ અને અદ્યતન હોય તે મહત્વપૂર્ણ છે. કૃપા કરીને, તમે તેમને પૂરી પાડેલી માહિતી બદલાય તો, તમારી શાળાની સામાન્ય ઓફિસનો સંપર્ક કરો.

## FOI અને ગોપનીયતા

FOI અરજી કરવા સંપર્ક કરો:

**Freedom of Information Unit**
Department of Education and Training
2 Treasury Place, East Melbourne VIC 3002
(03) 7022 0078
foi@education.vic.gov.au
FOI વિશે વધુ માહિતી માટે,

https://www.education.vic.gov.au/about/working/Pages/foi.aspx જુઓ.

જો તમને ગોપનીયતા વિશે કોઇ પ્રશ્ન અથવા ફરિયાદ હોય તો, કૃપા કરીને સંપર્ક કરો:

**Knowledge, Privacy and Records Branch**
Department of Education and Training
2 Treasury Place, East Melbourne VIC 3002
(03) 8688 7967
privacy@education.vic.gov.au